**(1) કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવેલી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ, 2020 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ નીતિમાં વર્તમાન સમયની 10+2 પદ્ધતિને બદલીને નવી 5+4+4+3 પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.
(2) ઓછામાં ઓછું 8માં ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવશે.
(3) શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતો ખર્ચ GDPના 6% જેટલો કરવામાં આવશે.
(4) રિસર્ચની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે એક સર્વોચ્ચ સંસ્થા 'નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન'ની સ્થાપના કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ કેન્દ્રીય કેબિનેટ દ્વારા નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020'ને મંજૂર કરવામાં આવી છે. આ નીતિની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબની છે :

- વર્તમાન સમયની 10+2 પદ્ધતિને બદલીને 5+3+3+4 પદ્ધતિ દાખલ કરવામાં આવશે. આ પદ્ધતિ 3 વર્ષના બાળકથી 18 વર્ષના યુવાન વિદ્યાર્થીઓને આવરી લેશે. (આથી, વિધાન (1) ખોટું છે.)
- પ્રિ–સ્કુલથી સેકન્ડરી સુધીનો ગ્રોસ એન્રોલમેન્ટ રેશિયો (GER) વર્ષ 2030 સુધીમાં 100% કરવો જેથી શિક્ષણનું સાર્વત્રિકરણ થઈ શકે.
- 10માં અને 12માં ધોરણની બોર્ડ પરીક્ષા સરળ બનાવવામાં આવશે અને યાદશકિતના બદલે કૌશલ્ય પર ધ્યાન અપાશે. દરેક વિદ્યાર્થી 2 વખત પરીક્ષા આપી શકશે.
- ધોરણ 6થી જ ધંધાકીય શિક્ષણ (Vocational Education) શરૂ કરવામાં આવશે અને સાથે–સાથે ઈન્ટર્નશીપ પણ શરૂ કરી શકાશે.
- રિસર્ચની મજબૂત સંસ્કૃતિનો વિકાસ કરવા તથા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રિસર્ચ માટેની ક્ષમતાનું નિર્માણ કરવા નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન નામની સર્વોચ્ચ સંસ્થા બનાવવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)
- ઓછામાં ઓછાં ધોરણ 5 સુધી માતૃભાષા/સ્થાનિક ભાષામાં શિક્ષણ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ ઉપર કોઈપણ ભાષા બળજબરીથી દાખલ નહી કરાય. (આથી, વિધાન (2) ખોટું છે.)
- વર્તમાન સમયે શિક્ષણ ક્ષેત્રે થતો ખર્ચ GDPના 4.6% જેટલો છે જે વહેલામાં વહેલી તકે વધારીને 6% (GDPના) કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારત આ બેંકનું સ્થાપક સભ્ય છે.

(2) ભારત આ બેંકમાં શેરહોલ્ડીંગની દષ્ટિએ બીજા સ્થાને છે.

(3) આ બેંક દ્વારા સૌથી વધુ લોન ઈન્ડોનેશિયાને આપવામાં આવી છે.

(4) બેંકનું વડુંમથક ચીનના બેઈજીંગમાં આવેલું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ AIIBના પ્રેસિડેન્ટ તરીકે Jin Liqun 5 વર્ષ માટે ફરીથી ચૂંટાયા છે. આ પ્રેસિડેન્ટે જણાવ્યું છે કે AIIB એક 'બિનરાજકીય' સંસ્થા જ રહેશે અને ભારતના પ્રોજેક્ટને મદદ કરતી રહેશે.

⇛ વર્ષ 2016માં AIIBના 57 સ્થાપક સભ્યોમાં ભારત પણ સમાવિષ્ટ હતું. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ બેંકમાં ચીન શેરહોલ્ડર તરીકે પ્રથમ સ્થાને છે (26.06%) જ્યારે ભારત બીજા સ્થાને (7.62%) છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતે અત્યાર સુધી આશરે 4.35 બિલિયન ડોલર AIIB પાસેથી મેળવેલા છે, જે કોઈ પણ દેશ માટે સૌથી વધુ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ AIIB એક મલ્ટીલેટરલ, વિકાસ માટેની બેંક છે જે પ્રાથમિક રીતે એશિયામાં આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવા ઈચ્છે છે.

⇛ આ બેંકનું વડુંમથક ચીનના બેઈજીંગ (બિજીંગ)માં આવેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ડિજિટલ શિક્ષણની પહેલ અને તેના સંગત રાજ્યોના સાચાં જોડકાં પસંદ કરો.

| | | |
|---|---|---|
| (1) | SMILE | – રાજસ્થાન |
| (2) | પ્રોજેક્ટ હોમ ક્લાસીસ | – જમ્મુ |
| (3) | મિશન બુનીયાદ | – દિલ્હી |
| (4) | ઉન્નયન પહેલ | – બિહાર |

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય (શિક્ષા મંત્રાલય) દ્વારા 'ઈન્ડિયા રિપોર્ટ ઓન ડિજિટલ એજ્યુકેશન, 2020' રજૂ કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટમાં COVID-19 દરમિયાન મંત્રાલય દ્વારા શિક્ષણ આપવા માટેની ઈનોવેટીવ પદ્ધતિઓની વાત કરવામાં આવી છે તથા આ મહામારી દરમિયાન સુલભ (accessible) અને બધાને આવરી લેતું (inclusive) શિક્ષણ ઘરે જ મળી રહે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે તેમ જણાવવામાં આવ્યું છે.

⇛ મંત્રાલયની વિવિધ પહેલ ઉપરાંત રિપોર્ટમાં કેટલાંક રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા અપનાવવામાં આવેલી ડિજિટલ શિક્ષણની પહેલ વિશેની પણ ચર્ચા કરવામાં આવી છે. આ પૈકી કેટલીક પહેલો નીચે મુજબની છે :

- SMILE (સોશિયલ મિડિયા ઈન્ટરફેસ ફોર લર્નીંગ એન્ગેજમેન્ટ) – રાજસ્થાન
- પ્રોજેક્ટ હોમ ક્લાસીસ – જમ્મુ
- પઢાઈ તુહાર દુવાર (ભણવાનું તમારા દરવાજે) – છત્તીસગઢ
- મિશન બુનિયાદ – દિલ્હી
- ઈ–સ્કોલર પોર્ટલ તથા શિક્ષકો માટેના ફ્રી ઓનલાઈન કોર્સ – મેઘાલય

(આથી, આપેલ દરેક જોડકાં સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) નટેશા મૂર્તિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ મૂર્તિ સંપૂર્ણપણે મારબલની છે.

(2) આ મૂર્તિ રાજસ્થાનની પ્રતિહારા શૈલીમાં બનાવવામાં આવી છે.

(3) આ મૂર્તિની ઊંચાઈ 11 ફૂટ છે.

(4) નટેશા મૂર્તિમાં જમણા પગની પાછળ નંદી દર્શાવવામાં આવેલ છે.

(A) માત્ર (1), (3) અને (4) (B) માત્ર (3)

(C) માત્ર (2) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 1998માં નટેશા મૂર્તિનું ભારતની બહાર સ્મગલીંગ થયું હતું. આ મૂર્તિ 22 વર્ષ બાદ રાજસ્થાન પોલિસ દ્વારા શોધવામાં આવી છે.

⇛ આ મૂર્તિ 9મી સદીની છે તથા તે રાજસ્થાનની પ્રતિહારા શૈલીમાં બનાવવામાં આવેલી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મૂર્તિની બનાવટ દુર્લભ સેન્ડસ્ટોન (રેતીલા પત્થર)માંથી કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ મૂર્તિની લંબાઈ આશરે 4 ફૂટ જેટલી છે અને તેમાં શિવનું ખૂબ જ અદ્દભૂત નિરૂપણ કરવામાં આવેલું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ મૂર્તિમાં જમણા પગની પાછળ ખૂબ જ સુંદર રીતે નંદીનું પણ નિરૂપણ થયેલું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ મૂર્તિ મૂળરીતે રાજસ્થાનના બારોલીના ઘાટેશ્વર મંદિરની છે જે વર્તમાન સમયે લંડનના ઈન્ડિયન હાઈ કમિશન પાસે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) એરીયલ સિડીંગ (Aerial Seeding) પદ્ધતિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તાજેતરમાં પંજાબ રાજ્ય દ્વારા ગ્રીન કવર વધારવા માટે આ પદ્ધતિ વાપરવામાં આવી છે.

(2) આ પદ્ધતિમાં સીડ બોલ્સ (seed balls)નો ઉપયોગ કરવામાં આવે છે.

(3) એક ડ્રોન દ્વારા 20,000થી 30,000 જેટલા બીજ એક દિવસમાં રોપાય શકે છે.

(4) આ પદ્ધતિ દ્વારા બીજ રોપવા માટે જમીન ખેડવાની જરૂર રહેતી નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં હરિયાણા દ્વારા અરવલ્લી વિસ્તારમાં ગ્રીન કવર વધારવા માટે એરીયલ સિડીંગ પદ્ધતિ અપનાવવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પદ્ધતિમાં સીડ બોલ્સ (Seed balls)નો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં માટીના આવરણ ધરાવતાં બીજ, ખાતર અને અન્ય ઘટકો હોય છે જેથી બીજ નીચે પડતાં સમયે પવનથી દૂરના ફેંકાય ન જાય તથા બીજને જરૂરી ઘટકો પણ મળી રહે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સીડ બોલ્સનો છંટકાવ કરવા માટે પ્લેન, હેલીકોપ્ટર કે ડ્રોન એમ કોઈપણ વાહનનો ઉપયોગ કરી શકાય છે.

⇛ એવા વિસ્તારો કે જ્યાં માણસે પહોંચવું મુશ્કેલ છે, (દા.ત. ઊંચા ઢોળાવ ધરાવતો પર્વતીય વિસ્તાર) તે વિસ્તારોમાં આ પદ્ધતિ અપનાવી શકાય છે.

⇛ ઉપરાંત આ પદ્ધતિમાં જમીન ખેડવાની પણ જરૂર રહેતી નથી કારણ કે, બીજની આસપાસ પહેલેથી જ માટી તથા જરૂરી પોષક તત્ત્વોનું આવરણ હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ એક ડ્રોન એક દિવસમાં 20,000થી 30,000 જેટલાં બીજને રોપી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વૃક્ષોના બીજ સાથે કેટલાંક વિસ્તાર મુજબ ચોક્કસ ઘાસના બીજ પણ ઉમેરવામાં આવે છે કારણ કે ઘાસ એ માટીને જકડી રાખવાનું કાર્ય કેર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT